



# સોશ્યલ મીડિયામાં ચાલતો ઘિબલી સ્ટાઈલ ઈમેજનો ટ્રેન્ડ જાણો

**ઘિબલી સ્ટાઈલ એનિમેશન સ્ટુડિયો જાપાનમાં 1985માં બન્યો હતો. અમેરિકામાં એનિમેશન પોપ્યુલર હોવાથી એ સ્ટાઈલની AI ઈમેજ બનાવવાનો ટ્રેન્ડ શરૂ થયો, જે આખી દુનિયામાં ફરી વળ્યો. અત્યારે સેંકડો ઈમેજીસ ક્રિએટ થઈ રહી છે**

## સ્કોલિંગ

★ હરિત મુનશી

રણમાંથી આવતી ગરમ હવાને લીબિયન અરેબિકમાં ઘિબલી કહે છે. 1985માં જાપાનના ચાર એનિમેટર્સે એનિમેશન સ્ટુડિયો બનાવ્યો ત્યારે આ શબ્દને નવા પ્રવાહના સંદર્ભમાં નામ તરીકે પસંદ કર્યો. હાયારો મિયાઝાકી, તોશિકા સુઝૂકી, ઈસાઓ તાકાહાતા અને યાઝૂયોશી ટોકૂમા નામના આ ચાર ફિલ્મમેકર્સે સ્ટુડિયો ઘિબલી નામથી એનિમેશન સ્ટુડિયો બનાવ્યો અને તેના માધ્યમથી એનિમેશન ફિલ્મો સર્જવાનું શરૂ કર્યું.

એ ગાળામાં જાપાનમાં એનિમેશન ઈન્ડસ્ટ્રી ઝડપભેર વિકસી રહી હતી. આ ચારેય ફિલ્મમેકર્સે પરંપરાગત એનિમેશનથી જુદી સ્ટાઈલનું એનિમેશન બનાવ્યું. એમાં લાઈટ કલર્સનો દબદબો હતો. સામાન્ય એનિમેશન કરતાં ઘિબલીના એનિમેશન્સમાં હાથથી દોરેલાં ચિત્રોનું મહત્ત્વ વધુ રહે છે. વોટરકલર્સનો બહોળો ઉપયોગ દેખાય છે. કમ્પ્યુટર્સ એનિમેટેડ ટેક્નિકને બદલે આ સ્ટાઈલ એનિમેશનમાં આવી તેને જાપાનીઓએ જ નહીં, આખી દુનિયાના એનિમેશનના ચાહકોએ વધાવી લીધી. ઉઘડતા કલર્સ, હેન્ડ ડ્રોઈંગ જેવો લૂક, આનંદિત અહેસાસ આપતા ઘિબલી સ્ટુડિયોના એનિમેશનને ખૂબ પોપ્યુલારિટી મળી. અમેરિકન-યુરોપિયન મેકર્સના એનિમેશનથી ઘિબલી સ્ટુડિયોના એનિમેશન વધુ હૂંફાળા લાગતા હોવાથી એક નવા પ્રકારના એનિમેટેડ આર્ટનો ઉદય થયો, જેને ઘિબલી આર્ટ તરીકે ગ્લોબલી ઓળખ મળી.

આ ઘિબલી આર્ટનો હવે દુનિયાને નવેસરથી ખુમાર ચડ્યો છે. અત્યારે AI પ્લેટફોર્મ્સ વચ્ચે જબરી સ્પર્ધા ચાલી રહી છે. તેના ભાગરૂપે નવું નવું આપવાનો સિલસિલો શરૂ થયો છે. ChatGPTના સ્થાપક સેમ ઓલ્ટમેને ગયા સપ્તાહે પોતાનો એક ફોટો ઘિબલી આર્ટ સ્ટાઈલ પ્રમાણે બનાવીને મૂક્યો ને એ સાથે જ દુનિયાભરના ChatGPT યુઝર્સે ઈમેજ ક્રિએટ કરીને મૂકવા માંડી. ChatGPTના પ્લસ સબ્ક્રાઈબર્સને એ સુવિધા મળતી હતી પરંતુ અત્યારે સેંકડો યુઝર્સ પાસે એ સર્વિસ ઉપલબ્ધ છે. IT, કમ્પ્યુટર એન્જિનિયરિંગ જેવા પ્રોફેશનમાં કામ કરતા લોકોએ ChatGPTની મદદથી ઘિબલી આર્ટ સ્ટુડિયો સ્ટાઈલથી પોતાની, પોતાના પરિવારની, મિત્રોની ઈમેજ બનાવીને શેર કરી. એ પ્રોફેશનલ્સની મદદથી અને પછી તો પોત-પોતાની રીતે જરૂર પડે તો સબ્સ્ક્રિપ્શન લઈનેય લોકોએ ઘિબલી સ્ટાઈલ ઈમેજ ક્રિએટ કરી.

વાત આટલેથી અટકી નહીં. ChatGPTના પગલે ઈલોન મસ્કના નવા AI ટૂલ ગ્રોક-3એ પણ યુઝર્સને ઘિબલી સ્ટાઈલ આર્ટ બનાવવાની સર્વિસ આપી. અમુક કલાકોમાં એકાદ વખત જ ઈમેજ બનાવવાની સર્વિસ મળતી હોવા છતાં લોકોએ ધીરજથી એક-એક ઈમેજ બનાવી અથવા જુદા જુદા યુઝર IDનો ઉપયોગ કરીનેય આ ટ્રેન્ડમાં ઝંપલાવ્યું. તેના કારણે સોશ્યલ મીડિયામાં સેંકડો ઘિબલી ઈમેજ શેર થઈ. લગભગ 70-80% યુઝર્સે ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, X, વોટ્સએપમાં ઘિબલી સ્ટાઈલ ઈમેજ શેર કરી. કોઈએ પ્રોફાઈલ ઈમેજ બનાવી તો કોઈએ ઓરિજિનલ ઈમેજ સાથે એમાંથી બનાવેલી ઘિબલી ઈમેજ મૂકી.

આ ઘિબલી ઈમેજ બનાવવાની લોકોએ બે રીતો અપનાવી. ધારો કે કોઈ શહેરની કે જાણીતા સ્થળ કે પછી જનરલ ઈમેજ બનાવવી હોય તો એના માટે પ્રોમ્પ્ટ આપીને AI ટૂલ પાસેથી ઈમેજ મેળવી શકાય છે. તે સિવાયની સૌથી પોપ્યુલર રીત એ છે કે વાસ્તવિક કેમેરા ઈમેજ AI ટૂલને આપીને એના પરથી ઘિબલી ઈમેજ ક્રિએટ કરવાનો કમાન્ડ આપવો. આપણી ઈમેજ પરથી ઘિબલી ઈમેજ ક્રિએટ કરવામાં લિમિટેશન્સ આવી જાય છે. 8-12 કલાકમાં ગ્રોક માંડ એક ઈમેજ બનાવી આપે છે. ChatGPT તો એવી ઈમેજ બનાવવાની તેની ક્ષમતા નથી એવું કહી દે છે અને સાથે સૂચન કરે છે કે ChatGPTની પ્લસ સર્વિસની મદદ મેળવો. ઘણા યુઝર્સ એવી સર્વિસ મેળવતા પણ હશે, એ રીતે આવા સૂચનના કારણે ChatGPTને સબ્સ્ક્રાઈબર્સ વધવાનો ફાયદો મળ્યો હશે એમાં બે મત નથી.

ગૂગલના જેમિનાઈએ પણ ઘિબલી ઈમેજ બનાવવાની અસમર્થતા વ્યક્ત કરીને કહેવા માંડ્યું હતું કે એની અન્ય સર્વિસનો લાભ લો. એમાં આ સુવિધા મળશે. આ ટ્રેન્ડ દરમિયાન યુઝર્સને એક વાત એ સમજાઈ કે AIના ચેટબોટથી બધું થઈ તો શકે છે પરંતુ મફત કશું નથી. જેટલો ગોળ નાખો એટલું ગળ્યું થશે. ChatGPTના પ્લસમાંથી જે ઈમેજ બની એવી ગ્રોકના ફ્રી વર્ઝનમાં બની શકી નહીં. ગ્રોકનું એડવાન્સ વર્ઝન હોય તો વળી ChatGPT કરતાંય સારી ઈમેજ બની શકે. બીજી વાત એ સમજાઈ કે પ્રોમ્પ્ટ આપવાની કળા હોવી જોઈએ. જેમ ગૂગલમાં બધું મળી રહે છે પરંતુ સર્ચ કરવાની કળા આવડવી જરૂરી છે એમ AI પાસેથી કામ લેવામાંય આવડત આવશ્યક છે. પછી તો જાણકાર લોકોએ સ્ટેપ બાય સ્ટેપ કેવી રીતે તમારી ઈમેજમાંથી ઘિબલી આર્ટ બનાવી શકાશે એની સમજ આપવાનું પણ શરૂ કર્યું, ટેકનો એક્સપર્ટે તો વીકએન્ડમાં એને લગતા વીડિયો બનાવીને હજારો-લાખોમાં વ્યૂ મેળવી લીધા. મીડિયા ગ્રુપના ટેકનોલોજીના વિભાગોમાં ઘિબલી ઈમેજ જનરેટ કેમ કરવી એ શીખવતા ન્યૂઝ-આર્ટિકલ્સ પણ આવી ગયા. આમ, દુનિયાભરના સોશ્યલ મીડિયામાં બધી રીતે લાસ્ટ વિક એન્ડ ઘિબલીના નામે રહ્યું. ઘિબલી, ઘિબલી આર્ટ, ઘિબલી ઈમેજ, ઘિબલી આર્ટ સ્ટુડિયો, સ્ટુડિયો ઘિબલી જેવા હેશટેગ ગ્લોબલી ટ્રેન્ડિંગ થયા. હા, આ ટ્રેન્ડ દરમિયાન બધાને એ વાત સમજાઈ તો ખરી કે કૃત્રિમ બુદ્ધિની મદદ લેવામાં બુદ્ધિ વાપરવી પડશે. માત્ર કૃત્રિમ બુદ્ધિના સહારે કામ પૂરું થઈ જતું નથી.